# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર કરન મકવાણા વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું દેશના આદિવાસી લોકોની પરંપરાઓ અને જીવનશૈલી દેશની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવે છે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું, દેશના વિવિધ ભાગોમાં બનેલા કાપડમાં ભારતની સાંસ્કૃતિક વિવિધતા પ્રતિબિંબિત થાય છે.
3) અમેરિકાથી ગેરકાયદેસર ભારતીય નાગરિકોનું બીજું એક વિમાન આજે રાત્રે અમૃતસર પહોંચે તેવી શક્યતા.
4) માલીમાં સોનાની ખાણમાં ભેખડ ધસી પડતાં 42 લોકોના મોત થયા.
5) મહિલાઓ માટેની ક્રિકેટ પ્રીમિયર લીગમાં આજે વડોદરામાં ગુજરાત જાયન્ટ્સ અને યુપી વોરિયર્સ વચ્ચે મુકાબલો

..................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ-AADI MAHOTSAV

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં આદિ મહોત્સવ 2025નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે શ્રીમતી મુર્મુએ કહ્યું કે દેશના આદિવાસી લોકોની પરંપરાઓ અને જીવનશૈલી દેશની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવે છે. તેમણે કહ્યું કે આ વર્ષના બજેટમાં આદિવાસી કલ્યાણ માટે ફાળવણી ત્રણ ગણી વધારવામાં આવી છે.

(બાઇટ: દ્રૌપદી મુર્મુ – રાષ્ટ્રપતિ )

આદિ મહોત્સવનો ઉદ્દેશ ભારતના આદિવાસી સમુદાયોની જીવંત સંસ્કૃતિ, વારસો અને આર્થિક સંભાવનાની ઉજવણી અને પ્રદર્શન કરવાનો છે. આ મહોત્સવમાં 600થી વધુ આદિવાસી કારીગરો અને 500 કલાકારો ભાગ લઈ રહ્યા છે. આ મહોત્સવમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 25 આદિવાસી ખાદ્યપદાર્થોના સ્ટોલ લગાવવામાં આવ્યા છે જે તે સ્થળોની ખાદ્ય પરંપરાઓનું પ્રદર્શન કરે છે.

. . . . . . . . . . . . . . .

# PREZ-CHANGE OF GUARD

રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં આજે નવા માળખામાં ચેન્જ ઓફ ગાર્ડનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ ઉપસ્થિત રહ્યા. આ સમારોહ સામાન્ય જનતા માટે 22 ફેબ્રુઆરી શનિવારથી ખુલશે, જેમાં સંગીત અને અન્ય કાર્યક્રમ યોજાશે. સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિના અંગરક્ષકો અને બ્રાસ બેન્ડ દ્વારા સૈન્ય ડ્રિલનું પ્રદર્શન કરાશે.

આ આયોજનમાં જોડાવા માટેના પાસ visit.rashtrapatibhavan.gov.in પરથી ઓનલાઈન લઈ શકાશે.

................

# PM BHARAT TEX 2025

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારતની સાંસ્કૃતિક વિવિધતા દેશના વિવિધ ભાગોમાં બનેલા કાપડમાં પ્રતિબિંબિત થાય છે. આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારત ટેક્સ 2025માં સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, ફાર્મ, ફાઇબર, ફેબ્રિક, ફેશન અને ફોરેનનું વિઝન એક મિશન બની ગયું છે અને ભારતના વિકાસના વિવિધ ક્ષેત્રોનો વિસ્તાર કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આજે ભારત છઠ્ઠો સૌથી મોટો કાપડ નિકાસકાર દેશ છે. તેમણે કહ્યું કે કાપડ ક્ષેત્રમાં ભારતની નિકાસ હાલમાં 3 લાખ કરોડ રૂપિયા છે અને 2030 સુધીમાં તેને 9 લાખ કરોડ રૂપિયા સુધી લઈ જવાનું લક્ષ્ય છે.**

(બાઇટ: નરેન્દ્ર મોદી – પ્રધાનમંત્રી)

આ દરમિયાન શ્રી મોદી એ પ્રદર્શન સ્થળની મુલાકાત લઈ પ્રદર્શકો સાથે વાતચીત કરી. ભારત ટેક્સ 14 થી 17 ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમ કાચા માલથી લઈને તૈયાર ઉત્પાદનો અને સહાયક સાધનો સુધીની સમગ્ર કાપડ મૂલ્ય શૃંખલાને એક છત નીચે લાવે છે. ભારત ટેક્સ પ્લેટફોર્મ કાપડ ઉદ્યોગનો સૌથી મોટો અને સૌથી વ્યાપક કાર્યક્રમ છે.

. . . . . . . . . . . . . . .

# JAYSHANKAR-INDIAN OCEAN CONFERENCE

વિદેશ મંત્રી ડૉક્ટર એસ.જયશંકરે આજે ઓમાનની રાજધાની મસ્કતમાં આઠમા હિન્દ મહાસાગર સંમેલનમાં જણાવ્યું કે આ સંમેલન એવા સમયે યોજાઇ રહ્યું છે જ્યારે સમગ્ર વિશ્વ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે વૈશ્વિક વ્યવસ્થામાં થતા ફેરફારોને ફક્ત નવા વિચારો અને સિદ્ધાંતો દ્વારા જ નહીં પરંતુ ઉભરતા દ્રશ્યો દ્વારા પણ સમજી શકાય છે. શ્રી જયશંકરે કહ્યું કે હિંદ મહાસાગર ક્ષેત્ર પણ આ નિયમથી અલગ નથી. તેમણે કહ્યું કે હિંદ મહાસાગર પરિષદ ઘણા હિતધારકોને એકસાથે લાવી રહી છે. તેમણે ભારત-પશ્ચિમ એશિયા-યુરોપ આર્થિક કોરિડોર માટે સામૂહિકતાની ભાવના પર ચર્ચા કરી. ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર પ્રોજેક્ટ અંગે તેમણે કહ્યું કે કનેક્ટિવિટી જેવા પ્રોજેક્ટ્સ પરામર્શ અને પારદર્શિતા દ્વારા હાથ ધરવા જોઈએ. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત વિયેતનામ અને મોરેશિયસ સહિત અન્ય દેશોના નૌકાદળો અને તટ રક્ષક દળને પણ તાલીમ આપી રહ્યું છે.

...............

# MANDVIYA – FIT INDIA

મુંબઈના ગેટવે ઓફ઼ ઇન્ડિયા ખાતે ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત, 'સન્ડે ઓન સાયકલ' રેલી યોજાઇ. આ રેલીનું નેતૃત્વ કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કર્યું. આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું કે, સ્વસ્થ લોકો રાષ્ટ્ર નિર્માણમાં મહત્વનું યોગદાન આપી શકે છે.

(બાઇટ: ડૉ. મનસુખ માંડવિયા - કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# ASSAM - ASSEMBLY SESSION

આસામમાં, વિધાનસભાનું સત્ર પહેલી વાર ગુવાહાટીની બહાર યોજાશે, જેમાં કોકરાઝારમાં આવતીકાલે બજેટ સત્રની શરૂઆતની બેઠક યોજાશે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું કે આ બેઠક રાજ્યમાં શાંતિના પુનરાગમન અને તમામ લોકોના એકીકરણનું પ્રતીક છે. તેમણે કહ્યું કે, બજેટ સત્રના પહેલા દિવસે અપાતું રાજ્યપાલનું ભાષણ બેઠકનું મુખ્ય આકર્ષણ રહેશે. બજેટ સત્રની બાકીની બેઠકો ગુવાહાટીના કાયમી વિધાનસભા ભવનમાં યોજાશે. આ સત્ર 25 માર્ચ સુધી ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . . .

# DELHI-YAMUNA CLEANING

દિલ્હીના ઉપરાજ્યપાલના કાર્યાલયે યમુના નદીની સફાઈ કાર્ય શરૂ થયાની માહિતી આપી છે. સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા, કાર્યાલયે માહિતી આપી કે કચરો ઉપાડવાના સ્કીમર્સ, નીંદણ દૂર કરનારા અને ડ્રેજ યુટિલિટી ક્રાફ્ટ દ્વારા યમુનાને સાફ કરવાની ઝુંબેશ શરૂ કરાઇ છે. કાર્યાલયે જણાવ્યું હતું કે ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ મુખ્ય સચિવ અને અધિક મુખ્ય સચિવને તાત્કાલિક કામ શરૂ કરવા જણાવ્યું. આ ઉપરાંત, દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિને શહેરના ઔદ્યોગિક એકમો દ્વારા ગટરોમાં ઠલવાતા કચરાના નિકાલ પર કડક નજર રાખવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# PUNJAB- DEPORTESS

અમેરિકાથી ગેરકાયદે ભારતીય ઇમિગ્રન્ટ્સનું બીજું એક વિમાન આજે રાત્રે અમૃતસરના શ્રી ગુરુ રામદાસ જી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ઉતરાણ કરે તેવી શક્યતા છે. સત્તાવાર સૂત્રો અનુસાર વિમાનમાં એક હજારથી વધુ લોકો હોય શકે છે. જેમાંથી આશરે 30 લોકો પંજાબ ઉપરાંત હરિયાણા અને કેટલાક અન્ય રાજ્યોના હોવાનું કહેવાય છે. 24 કલાકની અંદર આ બીજી અને છેલ્લા 10 દિવસમાં ત્રીજી ફ્લાઇટ છે જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશેલા ભારતીયોને લઈને ભારત આવી રહી છે.

. . . . . . . . . . . . . . .

# MALI-GOLD MINE-ACCIDENT

માલીમાં એક સોનાની ખાણ ધસી પડતાં 42 લોકો માર્યા ગયા તેમજ અનેક લોકો ઘાયલ થયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માત ડાબિયા કોમ્યુનના બિલાલી કોટોમાં થયો હતો. કેનીબા જિલ્લાના સરકારી પ્રતિનિધિ મોહમ્મદ ડિકોએ મૃત્યુઆંકની પુષ્ટિ કરી છે. અધિકારીઓ હજુ પણ તપાસ કરી રહ્યા છે કે ચીની નાગરિકો દ્વારા ચલાવવામાં આવતી ખાણ કાયદેસર હતી કે નહીં.

આ વર્ષે માલીમાં આ બીજી ખાણ દુર્ઘટના છે. ગયા મહિને કુલીકોરો ક્ષેત્રમાં ભૂસ્ખલનમાં અનેક ખાણ કામદારોના મોત થયા હતા, જેમાં મોટાભાગે મહિલાઓ હતી. ઉલ્લેખનીય છે કે માલી આફ્રિકાના ટોચના સોનાના ઉત્પાદકોમાંનું એક છે.

. . . . . . . . . . . . . . .

# STHANIK SWARAJYA ELECTIONs

ગુજરાતમાં આજે શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થયું.

મહેસાણામાં વડનગર નગરપાલિકાની ચૂંટણીમાં શતાયું મતદાર ઓધારજી ઠાકોરે મતદાન કરી વિશેષ સંદેશ આપ્યો. જ્યારે જામનગરમાં 92 વર્ષનાં નિર્મળાબેન વોરા વ્હીલચેરના સહારે પહોંચી મતદાન કર્યું. ધ્રોલના યુવકે લગ્ન પહેલાં તો ભાવનગરની મહિલાએ લગ્ન બાદ મતદાન કર્યું.

જુનાગઢ મહાનગરપાલિકા, 68 નગરપાલિકા સાથે ત્રણ તાલુકા પંચાયત માટેના આજના મતદાન થકી 5 હજારથી વધુ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં કેદ થયું છે. જુનાગઢ મહાનગરપાલિકામાં આઠ બેઠક અગાઉથી જ બિનહરીફ થઈ છે. જ્યારે 66 નગરપાલિકાના 24 વૉર્ડ પણ બિનહરીફ જાહેર થયા છે. મંગળવારે 18 ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . .

# WPL T20-CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં આજે વડોદરામાં ગુજરાત જાયન્ટ્સ અને યુપી વોરિયર્સ વચ્ચે મેચ રમાઈ રહી છે.

ગુજરાત જાયન્ટ્સની ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો.

હમણાં મળતાં સમાચાર મુજબ યુપી વોરિયર્સે 6.3 ઓવરમાં 2 વિકેટ 46 રન બનાવ્યાં.

. . . . . . . . . . . . . . . .

# GADKARI-MAHAKUMBH

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આજે પ્રયાગરાજના ત્રિવેણી સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી. શ્રી ગડકરીએ વ્યવસ્થાઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે પ્રશાસને કઠિન કાર્યને સહજતાથી પાર પાડ્યું છે. પોલીસ અને અન્ય કર્મચારીઓએ સાથે મળીને આ આયોજનને સફળ બનાવ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# UP GOVERNOR MAHAKUMBH

ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે આજે પ્રયાગરાજના ત્રિવેણી સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી. આ દરમિયાન શ્રીમતી પટેલે જણાવ્યું કે અહી શ્રદ્ધાળુઓની આસ્થાનું સન્માન કરીને ઉત્તમ સુવિધા ઉપલબ્ધ કરાઇ છે. જે આ રીતે આ વ્યવસ્થા કરાઇ છે તે પ્રેરણાદાયી છે.

. . . . . . . . . . . . . . . .

# DELHI RAILWAY POLICE

રેલવે ડેપ્યુટી પોલીસ કમિશનર કેપીએસ મલ્હોત્રાએ જણાવ્યું કે હાલમાં નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર ભીડને નિયંત્રિત કરવા માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી મલ્હોત્રાએ કહ્યું કે રેલવે પોલીસ દળ અને દિલ્હી પોલીસે સંયુક્ત વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું કે એક્ઝિટ પોઈન્ટ અને ફૂટઓવર બ્રિજ બંને પર વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી મલ્હોત્રાએ ઉમેર્યું કે ખાસ ટ્રેનો માટે ગતિશીલ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે નવી દિલ્હી રેલ્વે સ્ટેશન ગઇકાલે નાસભાગ થઈ હતી જેમાં 18 લોકોના મોત થયા હતા

. . . . . . . . . . . . . . . .